# સામાજિક–શૈક્ષણિક ગતિશીલતા
## (અમદાવાદ શહેરની વણકર જ્ઞાતિના સંદર્ભમાં)

ડૉ. તરલીકા ચાવડા

**૧. પ્રસ્તાવના**

દરેક સમાજમાં ગતિશીલતાની માત્રા અલગ– અલગ જોવા મળે છે. દરેક સમાજ કોઈને કોઈ પ્રકારે ભિન્ન ભિન્ન માત્રામાં ગતિશીલ તો હોય જ છે. ગતિશીલતાના પરિબળો જેવા કે શિક્ષણ, આર્થિક, સામાજિક વગેરે હોઈ શકે છે. ગતિશીલતાને સામાન્ય શબ્દોમાં જોઈએ તો, કોઈપણ વ્યક્તિ, જૂથ કે સમાજનું એક સ્થાનથી બીજા સ્થાનમાં પરિવર્તિત થવું. ગતિશીલતાને સામાજિક, શૈક્ષણિક, આર્થિક એમ વિવિધ સ્તરે માપી શકાય છે. સામાન્ય રીતે ગતિશીલતાના બે પ્રકાર જોવા મળે છે. (૧) આડી ગતિશીલતા (૨) ઉભી ગતિશીલતા.

***૧.૧ આડી ગતિશીલતા***

સમાન સ્તરમાં જ વ્યક્તિ સ્થળાંતર પામે છે, જેમાં વ્યક્તિના સ્થાન, મોભા માં કંઈ ખાસ ફરક પડતો નથી.

***૧.૨ ઊભી ગતિશીલતા***

નિમ્ન સ્તરમાંથી ઉપરના સ્તરમાં વ્યક્તિ કે જૂથ સ્થળાંતરિત થાય ત્યારે તેને ઉભી ગતિશીલતા કહી શકાય છે. તેમાં એક વ્યક્તિ કે સમગ્ર જૂથનો પણ સમાવેશ થઈ શકે છે.

અમદાવાદ શહેરમાં વસવાટ કરતી અનુસૂચિત જ્ઞાતિમાં સમાવિષ્ટ '**વણકર**' જ્ઞાતિની મહિલાઓની ગતિશીલતા સામાજિક તેમજ શૈક્ષણિક દ્રષ્ટિએ તપાસવામાં આવી છે.

**૩. હેતુઓ**

૧.અનુસૂચિત જ્ઞાતિમાં સમાવિષ્ટ વણકર જ્ઞાતિ ની મહિલાઓની સામાજિક ગતિશીલતા તપાસવી.
૨. અનુસૂચિત જ્ઞાતિમાં સમાવિષ્ટ વણકર જ્ઞાતિ ની મહિલાઓની શૈક્ષણિક ગતિશીલતા તપાસવી.

**૪.સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસ માટે 'અમદાવાદ શહેર' ની પસંદગી કરવામાં આવી છે.

**૫. માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસ માટે માહિતીના એકત્રીકરણ માટે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ત્યારબાદ તેનું વર્ગીકરણ કરીને માહિતી તારવવામાં આવી છે.

સામાજિક ગતિશીલતા અને શૈક્ષણિક ગતિશીલતાને આધારે કેટલાક તારણો તારવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે:

- શૈક્ષણિક ગતિશીલતા તપાસવા માટે ત્રણ પેઢીના શિક્ષણને તપાસવામાં આવ્યું. જેમાં ઉત્તરદાતાના નાની નું શિક્ષણ તપાસતા નિરક્ષરતાનું પ્રમાણ ૫૪%, પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ ૪૨%, માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ ૦૩%, ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ ૦૧%, ઉપરાંત સ્નાતક, અનુસ્નાતક તથા અન્ય પ્રકારના શિક્ષણનું પ્રમાણ શૂન્ય જોવા મળે છે.
- ઉત્તરદાતાના માતા નું શિક્ષણનું પ્રમાણ તપાસતા જાણવા મળે છે કે, માતાની પેઢીમાં નિરક્ષરતાનું પ્રમાણ ૧૯%, પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ ૩૩%, માધ્યમિક સુધીનું શિક્ષણ ૩૦%, ઉચ્ચતર માધ્યમિક સુધીનું શિક્ષણ ૦૮%, સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ ૦૭%, અનુસ્નાતક સુધીનું શિક્ષણ ૦૨% તેમજ અન્ય પ્રકારના શિક્ષણનું પ્રમાણ માત્ર ૦૧% જોવા મળે છે.
- ઉત્તરદાતાના શિક્ષણ નું પ્રમાણ તપાસતા તેમાં નિરક્ષરતાનું પ્રમાણ ૦૧%, પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ ૧૫%, માધ્યમિક સુધીનું શિક્ષણ ૧૧%, સ્નાતક સુધીનું શિક્ષણ ૨૯%, અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ ૧૬%, અને અન્ય પ્રકારના શિક્ષણમાં ૦૬% નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત શૈક્ષણિક માહિતી પરથી ત્રણ પેઢીમાં શિક્ષણ ક્ષેત્રમાં ઉર્ધ્વગામી ગતિશીલતા આવી છે તે સ્પષ્ટપણે કહી શકાય છે.

સામાજિક ગતિશીલતા તપાસતા જાણવા મળે છે કે, સ્ત્રીઓના શિક્ષણના વધતા પ્રમાણને લઈને સ્ત્રીઓ જાગૃત થઈ છે અને પોતાના પગભર થવા પર વધુ વિશ્વાસ કરે છે. જેથી ૯૩% ઉત્તરદાતાઓના કુટુંબમાં નોકરી કરવા અંગેની છૂટછાટ મળે છે. તેમજ માત્ર ૦૭% ઉત્તરદાતાના કુટુંબમાં વિવિધ કૌટુંબિક જવાબદારીને કારણે નોકરીની છૂટછાટ મળી નથી.

વર્તમાન સમયમાં પુત્રીઓને પણ પુત્રની સમકક્ષ ગણવામાં આવે છે. જેથી માતા-પિતાની મિલકતમાં પુત્રીઓને પણ હિસ્સેદાર માનવામાં આવે છે. ૯૨% ઉત્તરદાતાઓ પુત્રીઓનો મિલકતમાં હિસ્સો હોવો જોઈએ તેમ માને છે.

બાળકોની સંખ્યા નિશ્ચિત રહે તેવી માન્યતા વર્તમાન સમયમાં જોવા મળે છે. જેમાં બાળકોની સંખ્યા માત્ર એક જ હોય તેવું ઇચ્છતા ઉત્તરદાતા ની સંખ્યા ૩૨% બે બાળક ઈચ્છતા ઉત્તરદાતા ની સંખ્યા ૬૬%, તેમજ ત્રણ બાળક ઇચ્છતા ઉત્તરદાતા ની સંખ્યા ૦૨% જોવા મળી. એટલે કે બાળકોની સંખ્યા ઓછી હોય તેવું ઉત્તરદાતાનું માનવું છે.

આ ઉપરાંત ઘણા બધા પરિબળોમાં જેવા કે પહેરવેશ, માન્યતા, રિત-રિવાજો વગેરેમાં સામાજિક ગતિશીલતા જોઈ શકાય છે.

**સૂચનો**

- વિવિધ ક્ષેત્રે ગતિશીલતા આવી શકે તે માટે સરકારી યોજનાઓ અંગેની માહિતી લોકો સુધી પહોંચે તેવા પ્રયાસો કરવા જોઈએ.
- સરકારી યોજનાનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેવા પ્રયાસો થવા જોઈએ.
- સમાજના અગ્રણીઓ દ્વારા વિવિધ પ્રકારે મદદરૂપ થઈ શકાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- અહીં માત્ર સામાજિક અને શૈક્ષણિક મુદ્દાને સાંકળવામાં આવ્યા છે. તે ઉપરાંત સમાજને સ્પર્શતા ઘણા બધા મુદ્દાઓને લઈને અભ્યાસ કરી શકાય છે.

## સંદર્ભ સૂચિ

1. Durkheim, Emile. (1895). The Rules of Sociological Method. Free Press.
2. Marx, Karl. (1867). Das Kapital, Kritik der politischen okonomie [Capital, Critique of Political Economy]. Publisher.
3. Weber, Max. (1922). Economy and Society: An Outline of Interpretive Sociology. University of California Press.
4. Bourdieu, Pierre. (1979). Distinction: A Social Critique of the Judgement of Taste. Routledge.